શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
સંચાલિત

# પંચોલી નવયુગ




## જરા યાદ કરો કુરબાની..

માર્ચ-૨૦૧૯ અંક - ૩ વર્ષ ૫૬ સળંગઅંક ૪૬૧ માસિક કિંમત-૧૦ વાર્ષિક લવાજમ-૧૦૦/-રૂા.
તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી સહતંત્રી : મલયકુમાર દિનેશકુમાર મિસ્ત્રી

Pancholi Navyug Email : pancholinavyug@gmail.com
Email : infospssmm@gmail.com Web site : www. pancholisamaj.org

## નવયુગ શુભેચ્છક

## તેરમી પૂણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલી



**સ્વ. રમાબેન બાલુભાઈ પંચોલી - લેસ્ટર યુ.કે.**
**જન્મ : ૨૬.૩.૧૯૫૧ અવસાન ૧૨.૩.૨૦૦૬**

તમારો ધાર્મિક વૃત્તિવાળો માયાળુ સ્વભાવ,
કૌટુંબીક ભાવના, પ્રેમ અને તમારા આદર્શ ગુણો અમે જીવનમાં
ભુલી શકીશુ નહીં. તારી હિંમત અને સહનશીલતા વાળુ જીવન
અમારા જીવન માટે એક સંદેશ છે.
તમારા જેવા ફુલો ખરે છે અને એની સુવાસ મુકી જાય છે.
તમે જ્યાં હો ત્યાં તમારા દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે
એજ પ્રાર્થના......

### અર્પણકર્તા

*શ્રી બાલુભાઈ જીણાભાઈ પંચોલી*
*શ્રી શૈલેષ બાલુભાઈ પંચોલી*
*શ્રીમતિ મનિષા શૈલેષ પંચોલી*

*આયવંત ડી'કોષ્ટા પ્રીતિ ડી'કોષ્ટા*
*ચિ. મેઈસી*

15 Locke Avenue, Leicester, LE4 - 7RZ (U.K.)
Tel : 0116 - 2681475

## નવયુગ શુભેચ્છક

## તૃતીય પૂણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલી



**સ્વ. પુષ્પાબેન અમૃતલાલ મિસ્ત્રી**
**જન્મ : ૦૬.૧૨.૧૯૪૭ સ્વર્ગવાસ : ૧૮.૦૨.૨૦૧૬**

દિવસો વિતતા ચાલ્યા.... મહિનાઓ વિતતા ચાલ્યા...
વરસો પણ વિતતા ચાલ્યા... છતાંય
હ્દય નથી માનતું તમારી જુદાઈ,
આંખો નથી માનતી તમારી વિદાય..
હ્દયના એક ખૂણામાં આશા છે બાકી... કે
ક્યારેક તો તમો આવશો.. ક્યારેક તો તમો મળશો..
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ
પ્રાર્થના સહ શ્રદ્ધાંજલી

### અર્પણકર્તા

શ્રી અમૃતલાલ ઈચ્છારામ મિસ્ત્રી
શ્રી નૈનેશ અમૃતલાલ મિસ્ત્રી
શ્રીમતિ પરેશા નૈનેશ મિસ્ત્રી
ચિ. ઉદય - ચિ. જીત

શ્રી કમલેશ અમૃતલાલ મિસ્ત્રી
શ્રીમતિ કેતકી કમલેશભાઈ મિસ્ત્રી
ચિ. ભાવિકા - ચિ. યશ

શ્રી સુભાષભાઈ રમણલાલ પંચોલી
શ્રીમતિ વિપુલા સુભાષકુમાર પંચોલી
ચિ. ધવલ - ચિ. વિજલ

53/C/3, તપોવન, નાગરી મિવારા પરિષદ નં. ૨,
ગોરેગાંવ (ઈસ્ટ) મુંબઈ ૪૦૦ ૦૬૫
ફોન : (ઘર) ૦૨૨-૨૮૪૧૩૯૬૩
મો. ૯૮૧૯૩ ૬૯૩૨૩ / ૯૭૬૯૯૫૮૦૪૧

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# ૧૦મી પૂણ્યતિથિ



## સ્વ. ઉષાબેન હિમાંશુભાઇ ગજ્જર

**જન્મ : ૨૬.૦૫.૧૯૬૦ સ્વર્ગવાસ : ૧૬.૦૨.૨૦૦૯**

રડી પડે છે આંખો અમારી, જોઇ સદાય તસ્વીર તમારી
વિદાય એવી લીધી કે મન માનતુ નથી, જીવન એવું જીવી ગયા કે ભુલાતુ નથી.
નિતિ, નિયમ અને નૈતિકતા જાળવીને, પ્રેમની દરેક વાતો કરી ગયા.
આવતા-જતા દરેકને વ્હાલસોઇ નજરે, અમી ઝરણાં આપતા ગયા,
લાગણીના તાંતણે જોડી જોડીને પ્રભુની ભક્તિ કરાવતા ગયા
ધર્મ અભ્યાસની પ્રતિતી કરાવતા ગયા...

### અર્પણકર્તા

**સ્વ. હસમુખલાલ ગજ્જર**
**શ્રી કમલેશ એચ. ગજ્જર**
**શ્રીમતિ પૂર્ણિમા કમલેશ ગજ્જર**
**શ્રી કૌશલરાજ કે. પંચોલી**
**શ્રીમતિ રીમા કૌશલરાજ પંચોલી**
**ચિ. ધ્યાના કૌશલરાજ પંચોલી**
**કુ. રીયા કમલેશ પંચોલી**

**સ્વ. લક્ષ્મીબેન ગજ્જર**
**શ્રી હિમાંશુ એચ. ગજ્જર**
**શ્રી અનંત હિમાંશુભઇ ગજ્જર-યુ.કે.**
**શ્રીમતિ વનિશા અનંત ગજ્જર-યુ.કે.**
**શ્રી ભાવિન વાય. પંચોલી**
**શ્રીમતિ નેહા ભાવિન પંચોલી**
**ચિ. વંશ ભાવિન પંચોલી**

હિમાંશુભાઇ એચ. ગજ્જર
૩૦૨, સાંઇલીલા એપાર્ટમેન્ટ, જલદર્શન સો.
ઉમરીગર સ્કૂલની બાજુમાં
ઉમરા સુરત-૩૯૫૦૦૭
મો. ૯૭૨૪૩૪૫૪૫૩

Anant H. Gajjar
71. Croft house
Heritage avenue N.W.
Hendon LONDON

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
# વિધવા નિરાધાર વ્યાજ વપરાશ ફંડ
# અભાર... આભાર... આભાર...



**સ્વ. મગનભાઈ ડાહ્યાભાઈ મિસ્ત્રી - બીલીમોરા**

**સ્વ. મગનભાઈ ડાહ્યાભાઈ મિસ્ત્રી-બીલીમોરા**
ના સ્મરણાર્થે
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને વિધવા નિરાધાર સહાયમાં
રૂા. ૧,૫૦,૦૦૦/-(રૂા. એક લાખ પચાસ હજાર)નું માતબર દાન મળ્યું છે..
દાતાશ્રીઓની આ ભલી લાગણીનો શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
સ્વીકાર કરી દાતાઓ પ્રતિ સાભારની લાગણી વ્યકત કરે છે...

**-: અર્પણકર્તા :-**

**સ્વ. મગનભાઈ ડાહ્યાભાઈ મિસ્ત્રી પરિવાર-બીલીમોરા**

હેમંતભાઈ સી. મિસ્ત્રી-પ્રમુખ નિશિકાંત બી. મિસ્ત્રી-મહામંત્રી
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
તથા મહામંડળની તમામ સંલગ્ન સંસ્થાઓના હોદ્દેદારો..

**: વિશેષ આભાર :**

મહામંડળના ઉપપ્રમુખ શ્રી મુકેશભાઈ પી. પંચોલી-મુંબઈના સક્રિય ભાગ ભજવવા બદલ

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ

## માર્ચ - ૨૦૧૯

તમસો માં જ્યોતિર્ગમય

રજી. નં.: A/1822 ભરૂચ

RNI NO. 6304 / 62

**-: પ્રકાશન સ્થળ :-**

ડી-૩૦૨, શુભમ રૅસીડન્સી, મૅઘા ઑટૉમૉબાઇલ્સ સામૅ,
તાલુકા સૅવા સદન પાસૅ, જી.આઇ.ડી.સી., અંકલૅશ્વર-૨

પ્રકાશન સામયિકતા : માસિક
પ્રકાશક તંત્રી નામ : શ્રી દિનૅશભાઇ ઍમ. મિસ્ત્રી
મુદ્રકનું નામ :શ્રી દિનૅશભાઇ ઍમ. મિસ્ત્રી
મુદ્રકનું સરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩, અજીત ઍસ્ટૅટ, સ્કવૅર પૉઇન્ટ પાછળ, ડૉ. બૅક રૉડ, જી.આઇ.ડી.સી., અંકલૅશ્વર-૨
માલિકી ધરાવનાર : શ્રી પંચૉલી સૅવા સમાજ મહામંડળ બી-૨૫, બીજનગર, અંકલૅશ્વર

હુ દિનૅશભાઇ ઍમ. મિસ્ત્રી આથી જાહૅર કરું છું કે ઉપર જણાવૅલ માહિતી મારી જાણ મુજબ સાચી છે.

દિનૅશભાઇ ઍમ. મિસ્ત્રી


## પંચોલી નવયુગ જાહેરાતના દર

| | |
|---|---|
| મલ્ટીકલર પૅજ (ગ્લૅઝ પૅપર) | રૂા. ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લૅઝ પૅપર-સીંગલ કલર) | રૂા. ૨,૫૦૦/- |
| દિપૉત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લૅઝ પૅપર-સીંગલ કલર) | રૂા. ૩,૦૦૦/- |
| કલર પૅજ (ફક્ત દિપૉત્સવી અંક) | રૂા. ૨,૦૦૦/- |
| સાદુ પૅજ (ઍક ફૉટૉ ફ્રી) | રૂા. ૧,૫૦૦/- |
| અડધુ પૅજ | રૂા. ૭૫૦/- |
| અડધુ પૅજ (ઍક ફૉટૉ) | રૂા. ૮૦૦/- |
| પા પૅજ | રૂા. ૪૦૦/- |

(પા, અડધા અનૅ આખા પૅજમાં ઍક થી વધુ ફૉટાના ફૉટા દીઠ રૂા. ૫૦ વધારાના આપવાના રહૅશૅ.)

**નવયુગ શુભેચ્છક :** રૂા.૧૫,૫૫૫/-
(પ્રથમ વર્ષૅ આખા પૅજ પર અનૅ ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષૅ દાતાઑના ફૉટા તથા મૅટર અડધા પૅજ પર છાપવામાં આવશૅ.)

**નવયુગ શુભચિંતક :** રૂા. ૨,૫૨૫/-
(દર માસૅ ક્રમ મુજબ પાનાની નીચૅ નામ આવશૅ અથવા દિપૉત્સવી અંકમાં ઍક વખત ફૉટૉ છપાશૅ.(ફૉટૉ છપાશૅ તૉ નામ આવશૅ નહીં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | |
|---|---|
| **માસિક** | **રૂા. ૧૦/-** |
| **વાર્ષિક લવાજમ** | **રૂા. ૧૦૦/-** |

# તંત્રીની કલમે...



વ્હાલા જ્ઞાતિજનો

કુશળ હશો...

તા. ૧૪. ફેબ્રુઆરીના રોજ પુલવામા માં આતંકવાદી હુમલામાં માર્યા ગયેલ ૪૨ જવાનોની આત્માની સદ્દગતિ માટે સમગ્ર પંચોલી સમાજ અંતઃકરણથી પ્રાર્થના કરે છે...

તા. ૨૬ ફેબ્રુઆરીના મંગળવાના રોજ 'મંગલ વાર' કરી આપણા એરફોર્સના બહાદુર જવાનોએ ૪૪ શહિદ જવાનો સામે ૩૪૪ આતંકવાદીનો ખત્મો બોલાવી આપના વીર શહિદ જવાનોને સાચી શ્રદ્ધાંજલી અર્પણ કરી. શહિદ જવાનોના સ્વજનોને પણ હૈયે આનંદ થયો કે અમારા સપુતોની શહિદીનો બદલો લેવાયો...

વસંત ઋતુના આગમન સાથે આપણા તહેવારો જેવા કે મહા શિવરાત્રી અને હોળી ધુળેટી આવી રહ્યા છે... ભગવાન શિવને આરાધી હોળીમાં વેરઝેર, કામ ક્રોધ, દુશ્મનાવટ જેવા તત્વો હોમી અને જીવનને ધુળેટીના રંગોથી રંગી દઇએ એવી ધાર્મિક તહેવારોની શુભકામનાઓ...

માર્ચ મહિનો એટલે બાળકોની અને એમના માત-પિતાની પરીક્ષાની સીઝન... દરેક ટેન્સનમાં.. પરંતુ ટેન્સન ફ્રી થઇ આપણે પરીક્ષાની સંપૂર્ણ તૈયારીઓ કરી પરીક્ષા આપીએ... માતા-પિતા પણ બાળકોને પ્રોત્સાહિત કરી સાથ સહકાર આપી બાળકોને સાંત્વના આપે... બાળકો પાસે એમની કેપેસીટી કરતા વધુ ટકાવારીની આશા ન રાખીએ... બાળકોને ફક્ત હિંમત આપશો... પરિણામ જે આવે તે.. એમાં જ સંતોષ માનજો...

બીલીમોરાના સ્વ. મગનભાઇ ડાહ્યાભાઇ મિસ્ત્રી પરિવાર તરફથી મહામંડળને વિધવા નિરાધાર સહાયમાં રૂા. ૧,૫૦,૦૦૦/-નું માનતબર દાન આપવા બદલ પંચોલી સમાજ એમના આભારી છે....

દિનેશભાઇ એમ. મિસ્ત્રી-તંત્રી
મલય ડી. મિસ્ત્રી-સહતંત્રી
પંચોલી નવયુગ

# પ્રમુખ નોંધ

હેમંતકુમાર સી. મિસ્ત્રી-પ્રમુખ
શ્રી પ.સૌ.સ.મહામંડળ
૯૨૨૪૨ ૧૧૦૨૨ hemmistry@gmail.com



વ્હાલા જ્ઞાતિજનો, વડિલો, મહિલાઓ અને યુવા મિત્રો,

કુશળ હશો..

ૐ
શાંતિ...શાંતિ...શાંતિ..

તા. ૧૪.૦૨.૨૦૧૯ના દિને ભારતમાતા પર શાંતિના વિરોધીઓએ વધુ એક હુમલો કર્યો અને દેશના ૪૦ વીર જવાનો દેશ માટે એટલે કે આપણી સુરક્ષા માટે શહિદ થઇ ગયા, સમગ્ર ભારતમાં ખૂબ દેખાવો થયા, શાંતિ માર્ચ, શ્રદ્ધાંજલીનો દોર ચાલ્યો, દરેક સાચા હિન્દુસ્તાનીના દિલમાં આક્રોશ છે.. અને હોવો જોઇએ, બસ આ શહિદીને થોડા દિવસોમાં ભુલી ના જઇએ, મોટા ભાગના જવાનો ૪૦ વર્ષથી નાના છે. હવે તેઓના પરિવારોનું શું ? સરકાર તો તેની ફરજ બજાવશે જ પણ આપણી પણ કંઇક ફરજ બને, એમ આપને લાગતું હોય તો મહામંડળના ઉપપ્રમુખે એક લીંક શેર કરી છે જે દ્વારા આપ જવાનોના પરિવારજનોને ડાયરેક્ટ મદદ કરી શકો છો આપ www.bharat ke veer.gov.in વેબ સાઇટ પર જઇને અથવા bharat ke veer એપ દ્વારા મદદ કરી શકો છો. શહિદ થયેલ તમામ ભારતના સપૂતોને મહામંડળ અને મહામંડળના તમામ હોદ્દેદારો વતી હાર્દિક શ્રદ્ધાંજલી..

જે યુવાનોએ તા. ૦૧.૦૧.૨૦૧૯ના રોજ ૧૮ વર્ષ પુરા થયા છે તેઓ આ ચૂંટણીમાં મતદાન કરી શકે છે. આ માટેની કાર્યવાહી ચાલુ છે. તો તમારા ઘરના વડિલો જે શાળામાં મતદાન કરવા જાય છે ત્યાં જઇ તમારું નામ નોંધાવી શકો છો. તો ભુલ્યા વિના તમારું નામ મતદાન યાદીમાં નોંધાવી મતદાન કરશો.. આપણો મત તો જરૂર નોંધાવીએ..

આ બાબત આપણા મહામંડળને પણ લાગુ પડે છે, મિત્રો ચૂપ રહેવું એ દરેક વખતે સોલ્યુશન નથી, આપની સંમતી કે અસંમતી તો જણાવીએ જ, આપના સહકાર વિના સર્વ સંમતીથી કાર્ય કરવું શક્ય નથી. બંધારણની ડ્રાફ્ટ કોપી બંધારણ કમિટિ તથા મહામંડળના હોદ્દેદારોને મોકલી છે જેના પર અમોને કોમેન્ટ સુધારા વધારા મળતા આગામી કારોબારીમાં ચર્ચા પર લઇ તમામ એકમોને મોકલવા વિચારણા કરીશું અને ખાસ સામાન્ય સભા મેળવી આ કાર્ય પૂર્ણ કરવા કોશીષ કરીશું આપના ફિડબેકની અપેક્ષા છે..

આ બધા વચ્ચે એક રાત્રે મહામંડળના ઉપ-પ્રમુખશ્રી મુકેશભાઇ પરમાનંદ પંચોલીનો ફોન આવ્યો રીસીવ કરતા તેઓએ આનંદના સમાચાર આપ્યા કે બીલીમોરાના સ્વ. મગનલાલ ડાહ્યાભાઇ મીસ્ત્રીના સ્મરણાર્થે તેઓના પરિવારજનો તરફથી મહામંડળને દાન આપવાની ઇચ્છા છે, તેઓ પાસે ફોન નંબર લઇ સ્વ. મગનલાલ ડાહ્યાભાઇ મિસ્ત્રીના પૌત્ર સાથે વાત કરતા તેઓએ મહામંડળને ૧,૫૦,૦૦૦.૦૦ કોઇ પણ શરત વગર યોગ્ય લાગે ત્યાં વાપરવા ડોનેશન આપ્યું, કોઇપણ નામ વગર ડોનેશન આપનારને શત શત અભિનંદન, આભાર...

આ કાર્યમાં મહામંડળના ઉપ-પ્રમુખશ્રી મુકેશભાઇ પરમાનંદ પંચોલીએ ભજવેલ સક્રિય ભૂમિકાથી કાર્ય સિધ્ધ થયુ તેઓને પણ અમારા હાર્દિક અભિનંદન, આવી નાની નાની વાતો કાર્ય કરતા રહેવાની પ્રેરણા આપે છે..

**યે ભારત કે જવાનો ભી બડે અજીબ નિકલે,**
**વતન સે મહોબ્બત ઇસ કદર નિભા ગયે,**
**મહોબ્બત વાલે દિન હી, વતન પે જાન લુટા ગયે....**

....અજ્ઞાત





# Happy Weeding
# 25 Anniversary

**Mrs. Rita & Mr. Rajendra Pancholi**

Journey together from 15-02-1994
wishing you happy & prosperous
life ahead

**With Best Wishes From :**

Padmaben Natvarlal Pancholi
Late Natvarlal Nagindas Pancholi
and Family
Jay Rajendrakumar Pancholi
B.Date : 25-12-1995
Education : B.Tech(Electrical & Electronics Engg.)
43, Laxmikant Society, Laxmikant Asharam Rd.
Katargam-Surat Mo. : 98259 25127

**શ્રી પંચોલી સેવા સમાજ-અંકલેશ્વર**

# શ્રદ્ધાંજલી

આપની કાર્યશૈલી, સમાજ પ્રત્યેની ઉત્કૃષ્ટ ભાવના,
સહૃદયી અને સક્રિય સાથ-સહકારથી
અંકલેશ્વર એકમ મહામંડળ કક્ષાએ
સન્માનીય કક્ષાએ પહોંચાડવાના
આ સેવાભાવી યજ્ઞથી આપણો સમાજ શ્રેષ્ઠ
પ્રગતિ તરફ અગ્રસર રહ્યો છે..
આપની સેવા કાર્યની સુવાસ સદા પ્રસરતી રહેશે...
પ્રભુ આપના દિવ્ય આત્માને
શાશ્વત સુખ આપે એજ અમારા સૌની
હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલી

**અર્પણકર્તા**

ડૉ. વિસ્મય એમ. મિસ્ત્રી-પ્રમુખ
શ્રી અજય સી. પંચોલી-મંત્રી
તથા અંકલેશ્વરના તમામ જ્ઞાતિજનો



**સ્વ. બાબુભાઈ હરગોવનદાસ પંચોલી**
**માજી પ્રમુખ**
**સ્વ. તા. ૨.૧૦.૨૦૧૯**

# સાતમી પૂણ્યતિથિએ હૃદયાંજલી

આટલી નાની વયે તારી મૃત્યુ સાથે દોસ્તી,
અરે પ્રભુ તમે કેમ બનાવી આટલી સસ્તી,
ભુલાશે નહીં તારી કદી પ્રેમાળ હસ્તી,
પછી ભલે પ્રભુ એ કરી હોય તારી સાથે જબરજસ્તી...
હે ! પ્રભુ અમારી તેજલના આત્માને પરમ શાંતિ આપજે
છઠ્ઠી પૂણ્યતિથિએ અમારી હૃદયાંજલી

**અર્પણકર્તા**

વિઠ્ઠલભાઇ છીતાલાલ પંચોલી — શર્મિષ્ઠાબેન વિઠ્ઠલભાઇ પંચોલી
ધનશ્યામ વિઠ્ઠલભાઇ પંચોલી — અલ્પાબેન ધનશ્યામભાઇ પંચોલી
દક્ષેશકુમાર વિઠ્ઠલભાઇ પંચોલી — ભાવિકાબેન દક્ષેશકુમાર પંચોલી
ચિ. હર્ષિત દક્ષેશકુમાર પંચોલી — ચિ. મીતાંશી દક્ષેશકુમાર પંચોલી

શ્યામકુમાર સી. પંચોલી — ભાવિકાબેન એસ. પંચોલી
ચિ. નિધિ - મલ્હાર - નિધિર્શ

૨૮/૭, G.N.F.C. ટાઉનશીપ,
પો. નર્મદાનગર, ભરૂચ ૩૯૨ ૦૧૫ મો. ૯૮૯૮૭ ૫૪૫૪૦



**સ્વ. અ.સૌ. ડો. તેજલબેન દક્ષેશકુમાર પંચોલી**
જન્મ તા. ૨૬.૪.૧૯૮૩, દેહાવસાન : ૩૦.૩.૨૦૧૨

# સાતમી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલી



**સ્વ. ડો. તેજલબેન પંચોલી**
જન્મ : ૨૬.૪.૨૦૮૩ (હનુમાન જયંતિ)
અક્ષરનિવાસી ૩૦.૩.૨૦૧૨ (દુર્ગાષ્ટમી)

આજકાલ કરતા સાત સાત વર્ષો વિતી ગયા,
બેટા તેજલ, તારી યાદ હંમેશા આવે છે...
આંખો હજી નિહાળે છે તમને
સ્મરણ તમારૂ થાય છે અમને.
શ્રદ્ધાંજલિ આપવા ઉપાડી કલમ અને તમારી યાદ સદાય ધબકતી રહે છે.
આંખોમાંથી અશ્રુઓની ધારા વહે છે શું કરીએ..? કોને કહીએ ?
એકલા અટુલા પડી ગયા છે અમો.. છતાં તમારી વાતો, યાદો, સ્મરણો
વાગોળી હૃદય કઠણ કરીએ છીએ.. ભલે આપ અમારી વચ્ચે
સ્થુળ સ્વરૂપમાં હાજર નથી, પરંતુ અમારા હૃદયમાં, અમારા શ્વાસમાં,
રજેરજમાં સદાયે છો..જ અને રહેશો જ.. આપના દિવ્ય આત્માને
ભવોભવ ત્રિલોકીનાથનું શરણું મળે એવી પ્રભુ પાસે અમો હૃદયપૂર્વકની
પ્રાર્થના સહ હાર્દિક શ્રદ્ધાંજલી આપીએ છીએ...

**લિ. અર્પણકર્તા**

શ્રી કનુભાઇ ચંદુલાલ પંચોલી — અ.સૌ. કુસુમબેન કે. પંચોલી
શ્રી બ્રિજેશકુમાર કનુભાઇ પંચોલી — અ.સૌ. હિરલબેન બી. પંચોલી
ચિ. આર્ષ (આશુ) બી. પંચોલી — -ચિ. નવ્યા બી. પંચોલી
ચિ. હર્ષિત ડી. પંચોલી

સી-૩૦, કમળાપાર્ક સોસાયટી, હરણી-વારસીયા, રીંગરોડ, વડોદરા
મો.નં. : ૬૩૫૧૬૩૨૬૫૨, ૯૯૭૮૨ ૮૪૯૫૭(બ્રીજેશ)

**નવયુગ શુભચિંતક** શ્રી મધુસુદનભાઇ ચંદુલાલ પંચોલી વડોદરા શ્રી અશ્વિનભાઇ શાંતિલાલ પંચોલી વડોદરા

# શ્રધ્ધાંજલી અને વિશ્વાસ

૧૪મી ફેબ્રુઆરી ના રોજ
ભારત માના લોચનિયા મેં આજ
રક્ત ભીના દીઠાં.
અશ્રુ સારતી, નિરંતર કકળતી
વીર શહીદ સપૂતો કાજે.
દુશ્મનોની વેર પિપાસા,
ઠારવા બલિ થયા મુજ બાળ.
આવી ચડી છે વિકટ પરિસ્થિતિ
દેશની, તે સારી નથી
પણ,
આ કાળ રાત્રિ વીતશે અને
થશે ઉદય સ્વર્ણ પ્રભાતનો.
થશે ધૂળધાણી અરમાન દુશ્મનોના,
અને છિન્નભિન્ન થશે
સપના લોહી પિપાસુ ના.
અને
૨૬મી ફેબ્રુઆરી એ
ઊગ્યું મંગલ પ્રભાત.
તાંડવ કેરો નાદ કર્યો છે,
દુશ્મન ને લલકાર કર્યો છે.
હરખ હવે તું હિંદુસ્તાન,
સિંહે તારા વાર કર્યો છે.
શહીદોના મોત નો,
ગણી ગણી ને બદલો લીધો છે.
૪૪ ની સામે ૩૪૪ ને
ભોં ભેગા કર્યા છે.
નવી આશા નવા અરમાન
સૌ ના હ્રદયે વિશ્વાસ જાગ્યો છે.
નવી દશા નવી દિશા,
સૌને સાંપડી છે આજ.
ભારતનાં લોકો ના હવે
ઉચ્ચ મસ્તકે જીવવાના
અરમાન જાગ્યા છે.

શોભા મિસ્ત્રી 'અક્ષય' બીલીમોરા



**સ્વ. છગનલાલ આત્મારામ મિસ્ત્રી**
**સ્વર્ગવાસ : ૨૬.૦૨. ૨૦૧૮**

## પ્રથમ પૂણ્યતિથિએ હાર્દિક શ્રધ્ધાંજલી

ભલે જતા રહ્યા અમારા ધરથી
પરંતુ અમારા દિલની નજીક છો...
જ્યારે તમારી યાદ આવે છે
ત્યારે તમારો દયાળુ હાથ અમારા મસ્તક પર લાગે છે..
અને તમે અમારી સાથે જ છો એવો
અહેસાસ થાય છે......
આપની પ્રથમ પૂણ્યતિથિએ અમારા સૌની
હાર્દિક શ્રધ્ધાંજલી

**અર્પણકર્તા**

ગં.સ્વ. મીનાબેન છગનભાઈ મિસ્ત્રી
શ્રી નિમેશકુમાર છગનલાલ મિસ્ત્રી
શ્રીમતિ હેતલબેન નિમેશકુમાર મિસ્ત્રી
ચિ. જીત નિમેશકુમાર મિસ્ત્રી
શ્રી મનોજકુમાર રમેશભાઈ પંચોલી
શ્રીમતિ સોનલબેન મનોજકુમાર પંચોલી
ચિ. જય મનોજકુમાર પંચોલી
શ્રી દિપેનકુમાર બકુલભાઈ મિસ્ત્રી
શ્રીમતિ શ્રેયા દિપેનકુમાર મિસ્ત્રી

૧૮, રઘુવીરનગર, બોરભાઠારોડ - અંકલેશ્વર

## હાર્દિક શુભેચ્છાઓ...

**પરિણયની કેડી પર ડગ માંડતા**
**ચિ. શ્રેયા-ચિ. દિપેનને.....**

**શુભેચ્છક :-**
મનોજકુમાર રમેશભાઇ પંચોલી
સોનલબેન મનોજકુમાર પંચોલી
ચિ. જય મનોજકુમાર પંચોલી

૧૮, રઘુવીરનગર, બોરભાડારોડ
અંકલેશ્વર
મો. ૮૧૪૦૭ ૧૪૪૯૮

બકુલભાઇ હિંમતભાઇ મિસ્ત્રી
રમીલાબેન બકુલભાઇ મિસ્ત્રી

૧૨, રાજનગર સોસાયટી
વસંત વિહાર સો. પાસે,
કબીલપોર-નવસારી



**શ્રેયા-દિપેન**
**તા. ૨૮-૧-૨૦૧૯**

# હેપી વુમન્સ ડે....

મૃદુતા મિસ્ત્રી પંચોલી
Mo. 99242 11722 Email mruduta20@gmail.com



૮ મી માર્ચ, આખી દુનિયામાં ‘વુમન્સ ડે’ એટલે કે સ્ત્રીઓના દિવસ તરીકે ઉજવાશે... વર્ષના ૩૬૫ દિવસ અને દિવસના ૨૪ કલાક માત્ર અને માત્ર બીજા માટે જીવતા વ્યકિતત્વને વર્ષમાં એક દિવસ સમર્પિત કરી દીધો એટલે પતી ગયું ?

સ્ત્રીના બલિદાનો, તેના કર્તવ્યો, તેની તમારા જીવનને ઘડવામાં મહેનત આ બધાનું ઋણ વુમન્સ ડે પર વિશ કરીને કે એકાદ ગીફ્ટ આપીને તમે ઉતારી શકશો ?

૭૨ વર્ષ થયા ભારતમાંથી બ્રિટિશ રાજ ગયાને. આજે આપણે સ્વતંત્ર ભારત તરીકે ઓળખાઇએ છીએ. પરંતુ આ સ્વતંત્ર ભારતમાં કેટલી સ્ત્રીઓ ખરેખર સ્વતંત્ર છે એ કદી વિચાર્યુ છે ? સ્ત્રીઓને ખરેખર સ્વતંત્રતા મળી છે ખરી ? સ્ત્રીઓ પર ખૂબ લખાયુ છે. ખૂબ બોલાયું છે, ખૂબ ચર્ચાઓ થઇ છે પરંતુ છેલ્લે આ બધુ ચોપડીઓના બંધ પાનામાં અથવા સભાખંડોમાં વિખેરાય જાય છે અને પરિસ્થિતિ એની એ જ રહે છે..

મારા અને તમારા જેવી ભાગ્યશાળી સ્ત્રીઓ ખૂબ ઓછી છે જેનો બાળપણથી ઉછેર તેના સ્ત્રીત્વની ગરિમાને જાળવીને કરવામાં આવ્યો છે અને લગ્ન બાદ પણ નવા કુટુંબમાં તેની પ્રતિભા તેના વિચાર અને તેની સ્વાતંત્ર્યનો ભોગ નથી લેવાયો.. બાકી પોતે સ્ત્રી બનીને આ ધરતી પર અવતરી એના માટે રોજ ભગવાનને કોસતી સ્ત્રીઓની સંખ્યા આ દુનિયામાં ઓછી નથી. પણ આ બધુ ધીરે ધીરે બદલાય રહ્યું છે.. સ્ત્રીઓના હિત માટે ઘણાં લોકો આગળ આવી રહ્યા છે. પરંતુ આ બધુ સંપૂર્ણ રીતે બદલવા સ્ત્રીઓએ પોતે જ પોતાના મહત્વને સમજવું પડશે.. સ્ત્રીને નાનપણથી જ શીખવાડવામાં આવે છે આપણે તો બીજા માટે જ જીવવાનું, આપણું જીવન તો બીજા માટે સમર્પિત છે. હા, સાચી વાત, બીજાને માટે જ જીવવાનું એ વસ્તુ ખોટી છે. ને ભગવાને આટલું સુંદર જીવન એને પણ આપ્યું છે. તો એને પણ નક્કી કરવા દો એણે શું કરવુ છે ? એણે કેમ જીવવું છે ? કહેવાતા આ પુરૂષ પ્રધાન સમાજે કહેવતો પણ એવી જ બનાવી છે ‘દીકરીને ગાય દોરે ત્યાં જાય.’ કેમ ભાઇ, કેમ દોરે ત્યાં જાય ? એકવાર એને છુટી મુકી તો જુઓ. કદાચ એ એવો રસ્તો બતાવશે જે કોઇએ કયારેય જોયો ના હોય. તમારા દોરેલા રસ્તા કરતા વધુ સુંદર રસ્તો એ એની પ્રતિભા દ્વારા શોધી શકે છે.

‘ઘરની વહુ તો ઘૂઘટમાં જ શોભે’ કોણે કહ્યું ઘૂંઘટમાં જ શોભે ? એને એકવાર ઘૂંઘટ ઉઠાવીને દુનિયાને જોવાની તક તો આપો. શી ખબર એની નજરે એ એવી દુનિયા તમને બતાવી શકે છે... જેને કોઇએ કયારેય કલ્પના પણ ના કરી હોય.. પરંતુ આ હકીકત તો માનવી જ રહી કે કયાં સુધી સ્ત્રી જાતે પોતાની કદર ના કરે ત્યાં સુધી એણે બીજા પાસે પોતાની કદર થશે એની અપેક્ષા રાખવી વ્યર્થ છે..

ઘણી સ્ત્રીઓના મોઢે સાંભળ્યુ છે કે ભગવાન હવે આ દુઃખ સહન નથી થતું, લઇ લે તું મને, બોલાવી લે તુ મને તારી પાસે, આવી પ્રાર્થનાઓ તો ભગવાન સાંભળતા જ નથી.

એની જગ્યાએ ભગવાનને એવી પ્રાર્થના કરો બસ થયું ભગવાન હવે, આ દુઃખ હવે હું સહન નહી કરું. હું લડીશ, મારા સન્માન માટે, બસ તુ મારી સાથે રહેજે, મારો સાથ આપજે.. પછી જુઓ કેવો ચમત્કાર થાય છે તે જુઓ.. ભગવાન પણ એની મદદ કરે જ છે જે ખુદ પોતાની મદદ કરે છે..

અહીં એક પ્રસંગ યાદ આવે છે.. એકવાર જીવનથી ત્રસ્ત એક સ્ત્રી મરીને ઉપર ભગવાન પાસે ગઇ.. પારાવાર દુઃખ વેઠયા હતાં જીવનમાં, કાળ જેવું પોતાનું જીવન માંડ માંડ વીતાવી એ ભગવાનને મળી અને ફરિયાદ કરી. ‘ભગવાન, આ દુનિયામાં સ્ત્રીઓ સાથે આટલા અન્યાય થાય છે, આટઆટલા દુર્વ્યવહાર થાય છે.. અને તું કેમ કાંઇ કરતો નથી.. ?

ત્યારે ભગવાને મુસ્કુરાતા કહ્યું.‘ મેં એટલા માટે જ તને

ધરતી પર જન્મ આપ્યો હતો... તે ત્યાં જઇને તે શું કર્યુ.. બીજાની રાહ જોવા કરતા પોતે જ પહેલું ડગલું ઉઠાવીએ તો કેવું ? બીજાની મદદની અપેક્ષા રાખવા કરતા પોતે જ પોતાની મદદ કરીએ તો કેવું ?

પહેલા કરતા આજની પરિસ્થિતિમાં ઘણા બદલાવ આવ્યા છે. કોઇપણ એવું ફિલ્ડ નથી જ્યાં સ્ત્રીઓએ પોતાની આવડત સિધ્ધ ના કરી હોય. પરંતુ હજુ ઘણાય વિસ્તાર છે જે ૧૬મી ૧૭મી સદીમાં જીવી રહ્યા છે. જ્યાં હજુ પણ સ્ત્રીને પગની ધુળ માનવામાં આવે છે. દીકરીઓને હજુ પણ બોજ માનવામાં આવે છે... આ પરિસ્થિતિ પણ સુધરશે. બસ પોતે પોતાની દયા ખાવાની બંધ કરી પોતા માટે લડતા શીખવું.. બાકી કોઇ એવું પુછે કે એવું સંભળાવે કે સ્ત્રીઓ ઘરમાં કરે છે શું ? કે એમને આખો દિવસ શું કરવાનું હોય છે ?

જાણીતા લેખિકા શ્રીમતિ કાજલ ઓઝા વૈધએ આપણાં જ પોગ્રામ 'ઉડાન-૨'માં કહેલું વાક્ય એમને કહી સંભળાવજો કે..' સવારે ઉઠીને દુધ લેવા જવાથી માંડીને રાત્રે સુતી વખતે દુધ મેળવીને લાઇટ બંધ કરીને સુવાનું' એની વચ્ચેનો એક દિવસ ફક્ત પુરૂષો સ્ત્રીઓની જેમ જીવી જોશે તો તેઓને સમજાઇ જશે કે સ્ત્રીઓ ઘરમાં હોય, બિઝનેશમાં હોય કે ઓફિસમાં 'તેઓ શું કરે છે, અને શું શું કરી શકે છે'

'હેપી વુમન્સ ડે...ટુ અસ લેડીઝ..


## રત્નકણિકા

જે થયું તે સારું થયુ, જે થઇ રહ્યું છે તે સારું થઇ રહ્યુ છે.. જે થશે તે સારું જ થશે...
તમારું શું ગયુ જેથી તમે રડો છો..તમે શું લાવ્યા હતા જે ગુમાવવાથી રડો છો... તમે શું સર્જન કર્યુ જે નાશ પામ્યુ. તમે જે લીધું તે અહિયાથી જ લીધુ, જે આપ્યું તે અહિયાથી જ આપ્યુ છે આજે તમારું છે તે કાલે બીજા કોઇનું હતું અને કાલે બીજા કોઇનું થઇ જશે.. ભાગ્ય કરતા વધુ અને સમય કરતા પહેલા કોઇને કાઇ મળતુ નથી...

શકુંતલાબેન શાંતિલાલ પંચોલી-વ્યારા

## શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના એકાઉન્ટ નંબર

આપનો ફાળો શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના ના નામે
નામે યુનિયન બેંક ઓફ ઈન્ડિયાના
ખાતા નં. 605202010006175
IFC Code UBIN0560529
માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...
અધ્યક્ષશ્રી - નવિનભાઇ ચુનીભાઇ પંચોલી-વ્યારા




## હાર્દિક શુભેચ્છા..



**ચિ. કુણાલ-ચિ. રૂપલ**
**તા. ૨૬.૦૧.૨૦૧૯**

**શુભેચ્છક**
શ્રી હિતેશભાઇ રતિલાલભાઇ પંચોલી
શ્રીમતિ જ્યોતિબેન હિતેશભાઇ પંચોલી
ચિ. સાગરકુમાર હિતેશભાઇ પંચોલી
બાજીપુરા
શ્રી ભૂપેન્દ્રભાઇ રમણલાલ પંચોલી
શ્રીમતિ સાધનાબેન ભૂપેન્દ્રભાઇ પંચોલી
કવાંટ

# મહિલા સમાચાર

## પંચોલી ભગીની સમાજ-રાજપીપલા

રાજપીપલા ભગીની સમાજની કારોબારીની મિટિંગ તા. ૧૮.૧૨.૨૦૧૮ના રોજ શ્રીમતિ ચંપાબેનને ત્યાં રાખવામાં આવી હતી. સૌ પ્રથમ વેલકમ ડ્રિંક્સથી સૌ બહેનોનું સ્વાગત કર્યું. પ્રાર્થનાથી મિટિંગની શરૂઆત કરી. મંત્રીશ્રીએ પંચોલી નવયુગનો અહેવાલ વાંચી સંભળાવ્યો.

આજ રોજ ફેશન શો રાખવામાં આવ્યો હતો તેમાં સર્વે બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ક્રિસમસ આવતી હોવાથી ક્રિસમસ ટ્રીની હરિફાઇ રાખવામાં આવી હતી. જેમાં પ્રથમ નયનાબેન નયનકુમાર પંચોલી-દ્વિતીય જયશ્રીબેન દિપનકુમાર પંચોલી અને તૃતીય સ્નેહાબેન ડી. પંચોલી વિજેતા થયા હતા.

વન મિનિટ ગેમ રમ્યા.. હાઉસી રમ્યા જેના ત્રણ ઇનામ આપવામાં આવ્યા હતાં. સર્વે બહેનો વર્ષ ૨૦૧૮ને બાય બાય કરી વર્ષ ૨૦૧૯ન આનંદથી આવકાર્ય હતું.

અંતમાં શિયાળાની ઋતુનું સુંદર ભોજન કરી તા. ૧૧.૧.૨૦૧૯ના રોજ ગીતાબેનને ત્યાં મિટિંગ રાખવાનું નકકી કરી તથા મિટિંગ અને ભોજનની સુંદર વ્યવસ્થા માટે ચંપાબેનનો આભાર વ્યકત કરી છુટા પડયા.

## તેજસ્વીની મહિલા મંડળ-વડોદરા

તેજસ્વીની મહિલા મંડળ વડોદરાની કારોબારી સભ્યોની મિટિંગ તા. ૧૩-૨-૨૦૧૯ને બુધવારના રોજ જયોતિબેન કે. પંચોલીના નિવાસ સ્થાને બપોરે ૩.૦૦ કલાકે મળી. જયોતિબેને ફોકીથી સર્વે બહેનનું સ્વાગત કર્યું.

મિટિંગની શુભ શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. દિવંગત આત્માઓની શાંતિ અર્થે બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલી આપવામાં આવી. આનંદીબેને ગત મિટિંગનો અહેવાલનું વાંચન કર્યુ.

વેલેન્ટાઇન ડેની ઉજવણી નિમિત્તે બધા જ સભ્યોએ એકબીજાને શુભેચ્છાઓ આપી કેક કાપી હતી. જયોતિબેને સૌને ચોકલેટ આપી હેપી વેલેન્ટાઇનની શુભેચ્છાઓ પાઠવી હતી.

સલાડ કોમ્પીટીશન યોજવામાં આવી હતી. સર્વે બહેનોએ સુંદર પોતાની સુઝ અને આવડત પ્રમાણે અને ઓરોગ્યને ધ્યાનમાં રાખીને સુંદર ડેકોરેશન કર્યુ હતું. દરેક બહેનોએ સલાડનું મહત્વ સમજાવ્યું હતું. ડેકોરેશન અને જણાવેલ મહત્વને ધ્યાનમાં લઇ ઇનામો જાહેર કરવામાં આવ્યા હતાં જેમાં પ્રથમ નિકુંજબેન અને દ્વિતીય આનંદીબેન વિજેતા થયા હતાં.

વન સ્મનિટ ગેમ રમ્યા તેમાં પ્રથમ વિજેતા નિતાબેન એસ. અને દ્વિતીય પ્રીતિબેન વી. જાહેર કરવામાં આવ્યા. અંતમાં હાઉસી તો ખરી જ... સલાડ ડેકોરેશન અને ગેમના વિજેતાઓને જયોતિબેન તરફથી ઇનામ આપી નવાજયા..

સ્વાદિષ્ટ ભોજનનો આનંદ માણી સુંદર વ્યવસ્થા અને સ્વાદિષ્ટ ભોજનનું સુંદર આયોજન કરવા બદલ જયોતિબેન અને તેમના પરિવારજનોનો આભાર વ્યકત કરી આગામી મિટિંગ પ્રજ્ઞાબેનને ત્યાં રાખવાનું નકકી કરી છુટા પડયા..

આજનું દાન એનીવર્સરી નિમિત્તે

| | |
|---|---|
| ૧૦૦ | જયોતિબેન કે. પંચોલી |
| ૧૦૦ | શીલાબેન એ. પંચોલી |
| ૧૦૦ | જયોતિબેન એસ. પંચોલી બંકિમભાઇ અને પરમેશ્વરીબેનની એનીવર્સરી નિમિત્તે |
| ૧૦૦ | નીતાબેન એચ. પંચોલી |
| ૧૦૦ | પ્રજ્ઞાબેન તરફથી ચિ. અર્પિતાના એંગેજમેન્ટ નિમિત્તે. |
| ૧૦૦ | નિતાબેન એસ. પંચોલી તરફથી ચિ. મિસરીની વર્ષગાંઠ નિમિત્તે |

## પંચોલી મહિલા મંડળ-અંકલેશ્વર

તા. ૦૨.૦૨.૨૦૧૯ના રોજ ભરૂચ મુકામે પ્રકાશવંતીબેન દિલીપભાઇ પંચોલીને ત્યાં મિટિંગ રાખવામાં આવી હતી. મિટિંગની શરૂઆત સમૂહ પ્રાર્થનાથી કરવામાં આવી.

નવયુગ શુભચિંતક શ્રી ગજેન્દ્રભાઇ વલ્લભભાઇ મપારા વડોદરા શ્રી કમલેશભાઇ મણીલાલ પંચોલી વડોદરા

વેલેન્ટાઇન ડે નિમિત્તે ડ્રેસકોડ પીંક કલર રાખવામાં આવ્યો હતો. મંત્રીશ્રીએ ગત મિટિંગના અહેવાલનું વાંચન કરવામાં આવ્યું. આ માસમાં આવતી બર્થડે...એનીવર્સરી વિશ કરવામાં આવી અને બર્થડે ગીફ્ટ આપી અને એનીવર્સરી શુભેચ્છાઓ પ્રમુખ શ્રીમતિ સ્નેહાબેનના વરદ હસ્તે આપવામાં આવી હતી.

આજરોજ સલાડ ડેકોરેશનની સ્પર્ધા રાખવામાં આવી હતી જેમાં ઉત્સાહભેર સૌ બહેનોએ ભાગ લીધો હતો. નિર્ણાયક તરીકે ભરૂચના શ્રીમતિ પૂર્વીબેન પટેલે સેવા આપી હતી. એમનો પરિચય શ્રીમતિ જ્યોતિબેન ચેતનભાઇ પંચોલીએ આપ્યો હતો. નિર્ણાયકશ્રીએ વિજેતાઓ જાહેર કર્યા જેમાં પ્રથમ પ્રકાશવંતીબેન દિલીપભાઇ પંચોલી, દ્વિતીય કેતકીબેન જેસલભાઇ મિસ્ત્રી વિજેતા થયા હતા.

સ્નેહાબેન લેખીત કવીઝ રમાડી હતી જેના વિજેતા પ્રથમ અનુરાધાબેન મિસ્ત્રી અને દ્વિતીય મીરાબેન મિસ્ત્રી થયા હતા. વિજેતા બહેનોને ઇનામો મહિલા મંડળ તરફથી પ્રમુખશ્રીના વરદ હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા. નિર્ણાયકશ્રીએ ડેકોરશન અંગે વિવિધ ટીપ્સ આપી હતી. સ્નેહાબેને એમને સ્મૃતિભેટ આપી સન્માન્યા હતા.

૫૦ જ્યોતિબેન ચેતનભાઇ પંચોલી-કેયૂર બર્થડે
૫૦ બિનિતાબેન હેમેન્દ્રભાઇ પંચોલી-એનીવર્સરી
૫૦ નીતાબેન મૌલિકભાઇ-બર્થડે

આગામી મિટિંગ અંકલેશ્વર મુકામે પ્રીતવંતીબેન ગજેન્દ્રભાઇ પંચોલીને તયાં તા. ૬.૩.૨૦૧૯ના રોજ મહિલા દિનની ઉજવણી તથા ડ્રેસ કોડ ચલો.. રાખવાનું નક્કી કરી શરબત અને નાસ્તાને ન્યાય આપી છુટા પડયા.

## પંચોલી મહિલા મંડળ-બીલીમોરા

બીલીમોરા મહિલા મંડળની ફેબ્રુઆરી માસની સામાન્ય સભા તા.૧૯ ને મંગળવાર નાં રોજ માનનીય કાશ્મીરાબેનના ઘરે રાખવામાં આવી હતી. તેમાં બહોળી સંખ્યામાં બહેનો હાજર રહી હતી. સૌ બહેનો સલાડ ડેકોરેશન ની ઉજવણી કરવાની હોવાથી બરાબર તૈયારી કરીને આવી હતી. સૌ પ્રથમ સૌ બહેનોએ પુલવામામાં કરવામાં આવેલા આતંકી હુમલામાં માર્યા ગયેલા દેશનાં શહીદોના માનમાં બે મીનીટનું મૌન પાળી શ્રધ્ધાંજલિ આપી હતી અને શહીદોના આત્મા ની શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

ત્યારબાદ સૌ બહેનોએ પોતે લાવેલા સલાડમાંથી પોતપોતાની ડીશ સુંદર રીતે તૈયાર કરી હતી. તેમાં પ્રથમ નંબર જયશ્રીબેન અને બીજો નંબર કાશ્મીરાબેનનો આવ્યો હતો. ત્યારબાદ ઉર્મિલાબેનની ૬૦મી લગ્નતિથિ નિમિત્તે તેમનું સૌ એ પુષ્પગુચ્છ આપી સન્માન કર્યું હતું. ઉર્મિલાબેને મંડળ ને ભેટ આપી હતી. કાશ્મીરાબેને વન મિનીટ ગેઇમ રમાડી હતી. તેમાં પ્રથમ નંબર નલીનીબેન અને દ્વિતીય નંબર દક્ષાબેનનો આવ્યો હતો. ૨૧મી તારીખે આવનારા માતૃભાષા દિવસ નિમિત્તે સૌએ ગુજરાતી ભાષાના બાળગીતો ગાયા હતાં અને ત્યારબાદ "ક" થી "જ્ઞ" સુધીનાં મૂળાક્ષરો બોલવાની હરીફાઇમાં પ્રથમ નંબર કાશ્મીરાબેન અને બીજો નંબર ભાવનાબેનનો આવ્યો હતો.

આગામી માસમાં સ્ત્રીઓમાં સ્ત્રી રોગ વિષે સભાનતા કેળવાય તે માટે મહિલા ડોકટર નું પ્રવચન રાખવાનું નક્કી કર્યું. બધી બહેનોને મોટી સંખ્યામાં હાજર રહી માર્ગદર્શન મેળવવાનું સૂચવ્યું હતું. અંતે કાશ્મીરાબેને "સૌને કાચું ખાઓ સાચું ખાઓ" ના નેજા હેઠળ સ્વાદિષ્ટ અલ્પાહાર કરાવ્યો હતો.

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એકાઉન્ટ નંબર

આપનું દાન 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ'ના નામે સુરત શાખાની બેંક ઓફ બરોડાનાં સેવિંગ્સ ખાતા નં. 02690100010065
IFC Code BARBO CITYLT
માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...
પ્રમુખશ્રી -હેમંતભાઇ સી. મિસ્ત્રી-સુરત

## પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા **'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C પંચોલી નવયુગ** ના નામે દેનાબેંક અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર
SB 014710003655
IFSC code : BKDN0210147
માં જમા કરાવો અને
**કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...**
તંત્રી-દિનેશભાઇ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર

# કુર્યાત સદા મંગલમ્



વ્યારા નિવાસી શ્રીમતિ ગીતાબેન અને શ્રી ભુપેન્દ્રભાઇ અંબેલાલ પંચોલીના સુપુત્ર ચિ. ગૌરવના શુભલગ્ન વ્યારા નિવાસી શ્રીમતિ આનંદીબેન અને શ્રી ભરતભાઇ ચંપકલાલ પંચોલીની સુપુત્રી ચિ. પલક સાથે તા. ૧૭.૦૧.૨૦૧૯ના રોજ થયા.



નવસારી નિવાસી શ્રીમતિ રમીલાબેન અને શ્રી બકુલભાઇ હિંમતભાઇ મિસ્ત્રીના સુપુત્ર ચિ. દિપેનના શુભલગ્ન અંકલેશ્વર નિવાસી શ્રીમતિ સોનલબેન અને શ્રી મનોજકુમાર રમેશભાઇ પંચોલીની સુપુત્રી ચિ. શ્રેયા સાથે તા. ૨૮.૦૧.૨૦૧૯ના રોજ થયા.



બાજીપુરા નિવાસી શ્રીમતિ જ્યોતિબેન અને શ્રી હિતેશભાઇ રતિલાલભાઇ પંચોલીના સુપુત્ર ચિ.કૃણાલ ના શુભલગ્ન કવાંટ નિવાસી શ્રીમતિ સાધનાબેન અને શ્રી ભૂપેન્દ્રભાઇ રમણલાલ પંચોલીની સુપુત્રી ચિ. રૂપલ સાથે તા. ૨૬.૦૧.૨૦૧૯ના રોજ થયા.

# એક વાર જાવુ હરીના ધામમાં




મુંબઇ નિવાસી તથા ભગીની સમાજ મુંબઇના માજી પ્રમુખ ગં.સ્વ. પુષ્પાબેન જયંતિલાલ મિસ્ત્રી તા.૦૬.૦૨.૨૦૧૯ના રોજ હરીના ધામમાં ગયા છે. ઉ.વ. ૮૫



મુંબઇ નિવાસી તથા ભગીની સમાજ મુંબઇના માજી પ્રમુખ ગં.સ્વ. ચંદ્રિકાબેન ચંદ્રવદનભાઇ મિસ્ત્રી તા.૧૧.૦૨.૨૦૧૯ના રોજ હરીના ધામમાં ગયા છે. ઉ.વ. ૭૬



અંકલેશ્વર નિવાસી તથા અંકલેશ્વર એકમના માજી પ્રમુખ શ્રી બાબુભાઇ હરગોવિંદદાસ પંચોલી તા.૦૯.૦૨.૨૦૧૯ના રોજ હરીના ધામમાં ગયા છે.



બહાદરપુર તા. સંખેડા નિવાસી બાલુભાઇ (જયંતિલાલ) શનાલાલ પંચોલી તા. ૦૫.૦૨.૨૦૧૯ના રોજ હરીના ધામમાં ગયા.



અંકલેશ્વર નિવાસી ગં.સ્વ. રેશ્માબેન સંજયભાઇ પચોલી તા.૧૯.૦૨.૨૦૧૯ ના રોજ હરીના ધામમાં ગયા છે. ઉ.વ. ૩૭



મુંબઇ-કાંદીવલી નિવાસી પ્રવિણચંદ્ર જગજીવનદાસ જરીવાલા તા. ૧૦.૦૨.૨૦૧૯ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. ૬૮

## ટીપે ટીપે સરોવર ભરાય

રૂા. ૫૦૧/- બહાદરપુર તા. સંખેડા નિવાસી બાલુભાઇ (જયંતિલાલ) શનાલાલ પંચોલી ના સ્મરણાર્થે પરિવારજનો તરફથી.

રૂા. ૧૦૧/- ઉધના નિવાસી ભરતભાઇ રમણભાઇ પંચોલી તરફથી ૬૫મી વર્ષગાંઠ નિમિત્તે.

રૂા. ૩૦૧/- નવાપુર નિવાસી દાદી નિર્મળાબેન તથા દાદા બાબુભાઇ જગજીવનદાસ પંચોલી તરફથી પૌત્ર આર્યન શિરીષભાઇ પંચોલીની વર્ષગાંઠ નિમિત્તે.

રૂા. ૧૫૦/- જરોદ નિવાસી સુમનભાઇ નગીનભાઇ પંચોલી તરફથી પંચોલી નવયુગ ભેટ

રૂા. ૧૫૧/- મુંબઇ માહિમ નિવાસી શ્રી પ્રફુલભાઇ જી. પંચોલી તરફથી વર્ષગાંઠ નિમિત્તે....

## અંકલેશ્વરનું ગૌરવ



અંકલેશ્વર નિવાસી શ્રી અજયકુમાર ચંદુલાલ પંચોલીના ધર્મપત્ની શ્રીમતિ અમિષાબેને તા. ૦૯.૦૨.૨૦૧૯ના રોજ મુંબઇ મુકામે માર્વે મલાડના 'ધ રીસોર્ટ'માં મીસ એન્ડ મીસીસ ઈન્ડિયા યુનિવર્સનું ગ્રાન્ડ ફિનાલે યોજાયુ હતું જેમાં શ્રીમતિ અમિષાબેન ઈન્ડિયા યુનીવર્સ કેરીસ્મેટીક બન્યા હતા. એમને સેસ અને ક્રાઉનથી સન્માન્યા હતા.. અભિનંદન...

તેઓએ ફેમીલી તથા સમાજને ગૌરવવંતુ બનાવ્યું છે....

## દેવના દિધેલ



સુરત નિવાસી ચિંતનકુમાર ભદ્રેશભાઇ ગજ્જરને ત્યાં તા. ૭.૦૨.૨૦૧૯ના રોજ પુત્રીરત્ન ચિ. સાન્વી નો જન્મ થયો.

માતા : પાયલબેન

મુંબઈ(મીરારોડ) નિવાસી શ્રી મયુરકુમાર જગદીશકુમાર મિસ્ત્રીને ત્યાં તા. ૧૯.૦૨.૨૦૧૯ના રોજ પુત્રરત્ન 'ચિ. હેત્વીક'નો જન્મ થયો.

માતા : વીણાબેન



પંચોલી નવયુગ શુભચિંતક | સ્વ. જયંતભાઈ અમૃતલાલ પંચોલી અમદાવાદ | શ્રી ચંદુલાલ નરોત્તમદાસ મિસ્ત્રી અમદાવાદ

**Book-Post**

**Printed Book**

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, 98240 64282. Email : pancholinavyug@gmail.com**